eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 340
Aug 30, 2013

## " પર્યાવરણ પરમો ધર્મ "વાવે સુરત –૨૦૧૩ વૃક્ષારોપણ મહાઅભિયાન

ગ્લોબલ વોર્મીંગ ની વૈશ્વિીક સમસ્યાનાં સમાધાન માટે આપણા સૌના માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિ પાયાની બાબત છે. સુરતને હરિયાળું બનાવવા માટે તથા પર્યાવરણ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યકત કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૧ મી ઓગષ્ટ ૨૦૧૩ નાં રોજ સવારે ૯:૦૦ કલાકથી વૃક્ષારોપણનું આયોજન કરેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાત પ્રણેતા કવિશ્રી નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦/૨૦૧૩ ના રોજ કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાત પ્રણેતા કવિશ્રી નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦/૨૦૧૩ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ખૂબ જ ઝડપથી આગળથી વધતુ વાવે સુરત – ૨૦૧૩ મહાઅભિયાન

કલાઈમેટ ચેંજ ગ્લોબલ વોર્મીંગની પરિસ્થિતના સમાધાનરૂપે તથા પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનના સૌ ના સહિયારા પર્યાસ થકી શહેર અને સુડા કાર્યક્ષેત્રની ગ્રામ પંચાયતોમાં તા.૩૧–૮–૨૦૧૩ના રોજ 'વાવે સુરત' વૃક્ષ મહાઅભિયાનની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## "કુપોષણ સુરત છોડો અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ૨૫૦૦ કિગ્રા કોપરાપાક વિતરણ"



સુરત મહાનગરપાલિકા તથા સુરત મીઠાઈ વેચનાર એસોસિએશનના સહિયારા પ્રયાસથી આજરોજ તા.૨૬/૦૮/૧૩ ના રોજ સવારે ૮.૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાઓને ૨૫૦૦ કિગ્રા કોપરાપાક વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ટ્રાકલાઈમેન્ટચેન્ઝ –ગ્લોબલ, વોર્મીંગની આડ અસરો ઘટાડવા સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરમાં આગામી ૩૧ મી ઓકટોબરના દિવસે "વાવે સુરત" નું મહાઅભિયાન રાખેલ છે. આ દિવસે સમગ્ર શહેરમાં ખૂબ જ મોટી સંખ્યામાં જનભાગીદારી ધ્વારા વૃક્ષો રોપવાનો કાર્યક્રમ

વૃક્ષારોપણ કાર્યક્રમમાં પ્રજાજોગ બહોળો પ્રતિસાદ મળે અને ખુબ જ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી સ્વયંભૂ વૃક્ષોની રોપણી કરે તે માટે સમાજના તમામ સ્તરના લોકો, મહાનુભાવો, આગેવાનોને આવરી લેવા માટે જનજાગૃતિ લાવવાના ભાગરૂપે આજરોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ કુલ નવ દિવસો બંધ કરવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા) વી.બી.ડી.સી. વિભાગ દ્વારા જુન માસને મેલેરીયા વિરોધી માસ તથા જુલાઈ માસને ડેંગ્યુ, ચિકનગુનિયા, વિરોધી માસ તરીકે ઉજવવામાં આવેલ જાહેર જનતામાં મચ્છરોની ઉત્પતિ અને તેનાથી ફેલાતા રોગો બાબતે વિદ્યાર્થીઓ મારફતે જાગૃતિ લાવી શકાય તે માટે "નિબંધ સ્પર્ધા", "ચિત્ર સ્પર્ધા" અને "કવીઝ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવેલ હતું

આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ વરાછા ઝોન ખાતે તાઃ– ૨૬/૦૮/૨૦૧૩ નાં રોજ આયોજીત કરવામાં આવેલ હતો. વિજેતા તમામ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા માટે વરાછા વિધાનસભાનાં ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, કાર્યપાલક ઓફિસરોશ્રી આર.વી.ગામીત,...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતને હરિયાળું બનાવવા માટે તથા પર્યાવરણની જાળવણી માટે આગામી તા.૩૧મી ઓગષ્ટ ૨૦૧૩ નાં રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા " વાવે સુરત " અંતર્ગત સવારના ૯.૦૦ કલાકથી વૃક્ષારોપણ મહાઅભિયાન

ગ્લોબલ વોમીંગની વૈશ્વિક સમસ્યાનાં સમાધાન માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિ પાયાની બાબત છે. સુરતને હરિયાળું બનાવવા માટે તથા પર્યાવરણની જાળવણી માટે આગામી તાઃ–૩૧મી ઓગષ્ટ ૨૦૧૩ નાં રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા " વાવે સુરત " અંતર્ગત સવારના ૯.૦૦ કલાકથી વૃક્ષારોપણ મહાઅભિયાન હાથ ધરવાનું નકકી કર્યુ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## "સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ સ્પર્ધા"



સુરત મહાનગરપાલિકા અને કલા દર્પણ સંસ્થાના સંયુકત ઉપક્રમે "વાવે સુરત" અભિયાન અંતર્ગત "ચિત્રકામ સ્પર્ધા"નું આયોજન તા.૨૭/૦૮/૨૦૧૩ને મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આર્ટ ગેલેરી, એસ.એમ.સી. સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના મુજબ ડે. ઈજનેરશ્રી વાય.સી.પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરશ્રી ડી.ડી. ક્રિશ્ચયન, તથા જુની./આસી.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતું, અને ખાનગી ઈજારદારના માણસોને સાથે રાખીને ડીમોલેશનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે

ટી.પી. સ્કીમ નં.૨૪ (ટૂંકી) માં ફા. પ્લોટ નં.૩૭, રે.સ.નં.૨૨/૧ થી નોંધાયેલ અને વેડ રોડ પર આવેલ વિશ્રામનગર સોસાયટીના કોર્નર પર વેડ રોડને અડીને શરૂ કરેલ મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રા.ફલોર + ૨ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર વાળા બાંધકામને અત્રેથી મનાઈ હુકમ અને ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "કહો કુપોષણ સુરત છોડો" અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા જન્માષ્ટમીના શુભ પર્વે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે કુપોષણ નિવારણ અર્થે સહયોગ આપવા વિચારગોષ્ઠીનું આયોજન

"કહો કુપોષણ સુરત છોડો" અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા આજરોજ જન્માષ્ટમીના શુભ પર્વે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે કુપોષણ નિવારણ અર્થે સહયોગ આપવા વિચારગોષ્ઠીનું આયોજન સવારે ૧૧–૦૦ કલાકે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી આર. જે. પટેલ સાહેબના...

વધુ માટે કલીક કરો >>>>>>

## કામગીરી ડે.કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ અત્રેના ઝોનના દબાણ વિભાગ તથા શહેર વિકાસ વિભાગના સ્ટાફ મારફત દુર કરવાની કામગીરી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૨૭ (ભટાર–મજુરા) માં ઉધના–મગદલ્લા રોડ પર ફા.પ્લોટ નં.૧૯ માં આવેલ બાલાજી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિભાગ–૨, સબ પ્લોટ નં.બી/૫૪, એ–બી–સી પર મિલ્કતદાર શ્રી ધ્વારા હયાત બાંધકામ પર પ્રથમ માળ બનાવવાના ઈરાદે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં માહે ઓગષ્ટ–૨૦૧૩ દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો તેમજ અન્ય ઈસમો પાસેથી કુલ રૂા.1,15,000/- જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો

સાઉથ ઝોન (ઉધના)ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા માહે ઓગષ્ટ–૧૩ દરમ્યાન નીચે મુજબના ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો ચેક કરતાં તેમજ ઈન્ટ્રડોમેસ્ટિક સર્વે અને પેરીડોમેસ્ટિક સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરાવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજિત "ગ્રીન વોક"

સુરત મહાનગરપાલિકા દ્વારા "વાવે સુરત ૨૦૧૩" કાર્યક્રમ અંતરગર્ત તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ સવારે ૮.૦૦ કલાકે સુરભી ચાર રસ્તા / પટેલ પ્રગતિ મંડળની વાડીથી જોગાણીનગર સ્વીમીંગ પુલની સામે ટી.પી.નં.૧૩(અડાજણ), એફ.પી. ૧૩૮ ખાતેના ખુલ્લા પ્લોટ...

વધુ માટે કલીક કરો >>>>>>

## '' પર્યાવરણ પરમો ધર્મ ''વાવે સુરત –૨૦૧૩ વૃક્ષારોપણ મહાઅભિયાનઃ–

ગ્લોબલ વોર્મીગ ની વૈશ્વિીક સમસ્યાનાં સમાધાન માટે આપણા સૌના માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિ પાયાની બાબત છે. સુરતને હરિયાળું બનાવવા માટે તથા પર્યાવરણ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યકત કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૧ મી ઓગષ્ટ ૨૦૧૩ નાં રોજ સવારે ૯ઃ૦૦ કલાકથી વૃક્ષારોપણનું આયોજન કરેલ છે. આ વૃક્ષારોપણને સફળ બનાવવા વિવિધ રાજકીય, સામાજીક, સ્વૈચ્છિક ધાર્મિક સંસ્થાઓ તથા સમગ્ર જનસમુદાય જોડાય તે ખૂબ જ મહત્વનું છે. આ બાબતે લોકજાગૃતિ માટે વરાછા ઝોન ધ્વારા નીચે દર્શાવ્યા મુજબનાં સમય, સ્થળે રેલીઓનું આયોજની કરવામાં આવેલ છે. તેમાં ઉપસ્થિત રહેવા અને રેલીને સફળ બનાવવા હાર્દિક નિમંત્રણ છે.


**રેલીની કાર્યસૂચિ**

તાઃ– ૨૬/૦૮/૧૩ નાં રોજ સવારે ૯ઃ૩૦ કલાકે હીરાબાગ હેલ્થ સેન્ટર થી શરૂ થઈ રૂસ્તમબાગ સ્વામીનારાયણ મંદિર સુધી.

તાઃ– ૨૭/૦૮/૧૩ નાં રોજ કરંજ હેલ્થ સેન્ટરથી શરૂ થઈ સ્વામી દયાનંદ સરસ્વતિ ગાર્ડન સુધી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાત પ્રણેતા કવિશ્રી નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦/૨૦૧૩ ના રોજ કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમઃ–



સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાત પ્રણેતા કવિશ્રી નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦/૨૦૧૩ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રી, સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, ડે. મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ. કમિશનરશ્રી એમ. કે. દાસ, શાસકપક્ષના નેતાશ્રી આર. કે. લાઠીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સદસ્યશ્રીઓ, અધિારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી.

વીર નર્મદ દ.ગુ.યુનિવર્સીટીના કુલપતિશ્રીએ યુનિવર્સીટી ખાતે કવિ નર્મદના આમલીરાન સ્થિત મકાનની આબેહૂબ પ્રતિકૃતિ ''નર્મદ ભવન'' બનાવવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી આર્થિક સહયોગ આપવા રજૂઆત કરી હતી. '' નર્મદ ભવન'' તૈયાર થયેથી કવિશ્રી નર્મદ વિશેનું સાહિત્ય, હસ્ત લિખિત હસ્તપ્રતો, ચીજ વસ્તુઓ વગેરેનું કાયમી પ્રદર્શન થઈ શકશે. જેના થકી વિદ્યાર્થીઓ, સંશોધકો તેમજ દેશ વિદેશથી યુનિવર્સીટની મુલાકાતે આવનારા મુલાકાતીઓ નર્મદનું જીવન જાણી શકાશે અને સુરતની સંસ્કૃતિનો વારસો જળવાઈ શકશે.

સુરત મહાનગરપાલિકા સુરતના ઐતિહાસિક અને હેરીટેજ વારસાની જાળવણીમાં સદા અગ્રેસર રહ્યું છે તે અનુલક્ષીને કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિ કાર્યક્રમ પ્રસંગે આજરોજ મા. મેયરશ્રીએ સુરતના સપૂત એવા વીર કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા વીર નર્મદ યુર્નિવસીટી ખાતે કવિ નર્મદના આમલીરાન સ્થિત મકાનની પ્રતિકૃતિ ''નર્મદ ભવન'' બનાવવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી રૂા.એક કરોડની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના ''જય જય ગરવી ગુજરાત '' અને બીજા શોર્યગીતો ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.

TOP

## ખૂબ જ ઝડપથી આગળથી વધતુ વાવે સુરત – ૨૦૧૩ મહાઅભિયાનઃ–

કલાઈમેટ ચેંજ ગ્લોબલ વોર્મીગની પરિસ્થિતના સમાધાનરૂપે તથા પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનના સૌ ના સહિયારા પર્યાસ થકી શહેર અને સુડા કાર્યક્ષેત્રની ગ્રામ પંચાયતોમાં તા.૩૧–૮–૨૦૧૩ના રોજ 'વાવે સુરત' વૃક્ષ મહાઅભિયાનની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. માન. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, માન. મ્યુનિ. કમિશનરશ્રી એમ. કે. દાસ, નાયબ કમિશનરશ્રી તથા દરેક ઝોનના વડાઓ તથા સમગ્ર સુરત મહાનગરપાલિકાની ટીમ ખૂબજ મહેનત કરી રહેલ છે. જેમાં પ્રજાજનોનાં આગેવાનો, સંસ્થાઓનો સક્રિય સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

વરાછા ઝોનમાં તાજેતરમાં મા. મેયરશ્રીની અધ્યક્ષ સ્થાને બેઠકમાં ધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી, વિસ્તારના તમામ કોર્પોરેટરશ્રી તથા આ વિસ્તારના તમામ કોર્પોરેટરશ્રી તથા આ વિસ્તારના લોકપ્રહરી શ્રી કાનજીભાઈ ભાલાળા ખાસ ઉપસ્થિત રહયા હતા. જેમાં ૨૦૦ જેટલી સંસ્થાઓના આગેવાનો હાજર રહયા હતા તથા સમગ્ર વરાછા તથા આજુબાજુનાં ખુલ્લ વિસ્તારોમાં વિશાળ પાયા પર વૃક્ષારોપણ કરવા સંકલ્પ લેવાયા હતા. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓએ પણ કુંડાઓમાં સામુહિક વૃક્ષો રોપવા માટે સંકલ્પ કર્યો હતો. આયુર્વેદિક કોલેજના નિવૃત્ત પ્રિન્સીપાલ શ્રી ડો. નાનુભાઈ એ આયુર્વેદિક વૃક્ષો / છોડો કુંડામાં પણ વાવીને, રોગને દૂર કરવા સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આજરોજ વહેલી સવારે વાવે સુરત અભિયાનમાં એક કિલોમીટર લાંબી રેલી નીકળી હતી. જેમાં વિસ્તારનાં આગેવાનો, વિદ્યાર્થીઓ બેંડ તથા વૃક્ષનાં બેનરો સાથે પ્રચાર માટે નીકળ્યા હતાં.

શ્રીમાન કાનજીભાઈ ભાલાળાના સતત માર્ગદર્શન હેઠળ ઠેર ઠેર 'વાવે સુરત' અભિયાન સ્વૈચ્છિક ઓફિસો પણ કાર્યરત થઈ ગઈ છે.

આ અંગે દરેક ઝોનમાં સમિતિઓ કાર્યરત થઈ ગઈ છે. તેથી આ લોકઅભિયાનને ભારે સફળતા અપાવવા સૌ ને મહાનગરપાલિકા તરફથી આવાહાન કરવામાં આવે છે.

TOP

## "કુપોષણ સુરત છોડો અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે ૨૫૦૦ કિગ્રા કોપરાપાક વિતરણ"




સુરત મહાનગરપાલિકા તથા સુરત મીઠાઈ વેચનાર એસોસિએશનના સહિયારા પ્રયાસથી આજરોજ તા.૨૬/૦૮/૧૩ ના રોજ સવારે ૮.૩૦ કલાકે અક્ષયપાત્ર સંસ્થા આઈમાતા ચોક પાસે આંગણવાડી કેન્દ્રો ખાતે ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાઓને ૨૫૦૦ કિગ્રા કોપરાપાક વિતરણ કરવા અંગેનો કાર્યક્રમ ડે.કમિશનરશ્રી આર જે. પટેલ (હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો.મહેન્દ્ર પટેલ તથા મીઠાઈ વેચનાર એસોસિએશન) પ્રતિનિધીઓની હાજરીમાં કરવામાં આવેલ.


સમારંભનો આરંભ આઈ.સી.ડી.એસ ના મેડીકલ ઓફીસર ધ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈએ જણાવ્યું કે, કુપોષણ છોડો સુરત અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરના વિવિધ એસોસીએશનો મારફતે સુરત શહેરની આંગણવાડીમાં લાભ લેતાં બાળકો, સગર્ભા તથા ધાત્રી માતાઓને સફરજન, નાસપતી અને આજરોજ કોપરાપાક આપી લોકભાગીદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડયું છે. તેમણે જણાવ્યું કે, કુપોષણ એક સામાજીક સમસ્યા હોય તેના નિવારણ માટે સરકારશ્રીના પ્રયાસોની સાથોસાથ સમાજના વિવિધ આગેવાનો એસોસીએશનો, મંડળોના સરયોગ થકી ચોકકસ પણે સુરત શહેરમાંથી કુપોષણને નાબુદ કરી શકીશું. પ્રસંગને અનુરૂપ પ્રવચનમાં ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) આર જે. પટેલ ધ્વારા જણાવવામાં આવ્યુ કે, સુરત શહેર સમગ્ર રીતે સમૃદ્ધ હોય સુરત જેવા શહેરમાં કુપોષણની બીમારી આપણને ન પાલવે, તેમણે આવનાર જન્માષ્ટમી પ્રસંગને ધ્યાને લઈ જણાવ્યુ કે, જેમ કૃષ્ણ ભગવાને પોતાના ભોજનમાંથી અન્ય જરૂરીયાતમંદ લોકોને અન્નદાન કરતા તેમ શહેરના વિવિધ એસોસીએશનને કુપોષીત બાળકો માટે પોતાનાથી બનતી મદદ કરવા જણાવેલ. તેમણે સુરત મીઠાઈ વેચનાર એસોસીએશનને આજરોજ આંગણવાડી કેન્દ્રોમાં ૨૫૦૦ કિલો કોપરાપાક વિના મૂલ્યે આપવા બદલ હાજર રહેલ હોદેદારોનો તથા સમગ્ર એસોસીએશનનો આભાર માન્યો હતો. પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન 'બાળદેવોભવ' ની ભાવનાથી સુરતીઓ જે કાર્યવાહી કરી રહયા છે તે પરથી સમગ્ર રાજય અને રાષ્ટ્ર પ્રેરણા લેશે એવી શ્રધ્ધા વ્યકત કરી હતી.

આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને કોપરાપાક વિતરણ કરવામાં આવ્યું હતુ. તથા ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો પર ૨૫૦૦ કિલો કોપરાપાક વિતરણ કરવા ૧૧ વાહનોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવેલ.

અંતે આઈ.સી.ડી.એસ વિભાગના મેડીકલ ઓફીસર ડો.એચ કે સોંધરવા ધ્વારા ઉપસ્થિત મહેમાનો તથા આયોજનમાં મદદ કરનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

TOP

## કલાઈમેન્ટચેન્જ –ગ્લોબલ, વોર્મીંગની આડ અસરો ઘટાડવા સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરમાં આગામી ૩૧ મી ઓકટોબરના દિવસે ''વાવે સુરત'' નું મહાઅભિયાન રાખેલ છે. આ દિવસે સમગ્ર શહેરમાં ખૂબ જ મોટી સંખ્યામાં જનભાગીદારી ધ્વારા વૃક્ષો રોપવાનો કાર્યક્રમઃ–



વૃક્ષારોપણ કાર્યક્રમમાં પ્રજાજોગ બહોળો પ્રતિસાદ મળે અને ખુબ જ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી સ્વયંભૂ વૃક્ષોની રોપણી કરે તે માટે સમાજના તમામ સ્તરના લોકો, મહાનુભાવો, આગેવાનોને આવરી લેવા માટે જનજાગૃતિ લાવવાના ભાગરૂપે **આજરોજ તા.૨૭/૦૮/૧૩ મંગળવારના રોજ સવારે ૮–૩૦ કલાકે સેન્ટ્રલ ઝોન ખાતે એક મહારેલીનું આયોજન કરેલ.** આ મહારેલીમાં સેન્ટ્રલ ઝોનના મ્યુ. સદસ્યશ્રી તથા માજી મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, હોસ્પિટલ કમિટિ ચેરમેન શ્રીમતી ઉર્મિલાબેન રાણા, દિપકભાઈ આફ્રિકાવાલા, નિતીનભાઈ ભજીયાવાલા, પિયુષભાઈ શિવશકિતવાલા, વિજયભાઈ માસ્તર ઉપસ્થિત રહેલ. મહાનુભાવો સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ અને ખાનગી શાળાઓના બાળકોએ શિક્ષકો સાથે મોટી સંખ્યામાં ભાગ લીધેલ, રેલીમાં કુલ–૭૦૦ થી વધુ બાળકોએ વૃક્ષો વાવી કલાઈમેટચેન્ઝ અટકાવવા બાબતના બોર્ડ/બેનરો ડીસ્પ્લે કરેલ તેમજ પ્રચારગાડી મારફતે સુત્રોચ્ચાર કરવામાં આવેલ છે.

નીચે મુજબની શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ આશરે–૭૦૦ જેટલા બાળકોએ મહારેલીમાં ભાગ લીધેલ છે.

(૧) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૧૨૮, ૧૨૯ ગોપીપુરા સંઘાડીયાવાડ
(૨) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૧૩૩ વાડીફળીયા, ખાંડવાળાની શેરી
(૩) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૧૩૪ કોટસફીલ રોડ
(૪) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૧૩૭ વાડીફળીયા
(૫) શાળા નં.૧૪૭ ડૉ. ઝાકીર હુસેન શાળા, નેશનલ ડેરીની ગલીમાં
(૬) રત્નસાગર સ્કુલ, ગોપીપુરા
(૭) એન. જી. ઝવેરી જૈન સ્કુલ, ગોપીપુરા
(૮) એસ. પી. ઝવેરી ગર્લ્સ સ્કુલ, ગોપીપુરા
(૯) બાલાજી ગર્લ્સ પ્રાથમિક શાળા, બાલાજી રોડ

રેલી એર ઈન્ડિયા કોટસફીલ રોડ થી વાડીફળીયા પાણીની ભીત થઈ આર્યસમાજ થઈ ગુજરાત મિત્ર પ્રેસ થી સરદાર પટેલ મ્યુઝીયમ થી ગાંધીજીની પ્રતિમા થઈ ગાંધીબાગ પાસે વિર્સજીત થયેલ.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ કુલ નવ દિવસો બંધ કરવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ તા. ૦૨–૦૯–૨૦૧૩ થી તા. ૦૯–૦૯–૨૦૧૩ સુધી તેમજ અનંત ચતુર્દશી/ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૧૮–૦૯–૨૦૧૩ ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે.

TOP

**પૂર્વ ઝોન (વરાછા) વી.બી.ડી.સી. વિભાગ દ્વારા જુન માસને મેલેરીયા વિરોધી માસ તથા જુલાઈ માસને ડેંગ્યુ, ચિકનગુનિયા, વિરોધી માસ તરીકે ઉજવવામાં આવેલ જાહેર જનતામાં મચ્છરોની ઉત્પતિ અને તેનાથી ફેલાતા રોગો બાબતે વિદ્યાર્થીઓ મારફતે જાગૃતિ લાવી શકાય તે માટે "નિબંધ સ્પર્ધા", "ચિત્ર સ્પર્ધા" અને "કવીઝ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવેલ હતું.**

આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ વરાછા ઝોન ખાતે તાઃ– ૨૬/૦૮/૨૦૧૩ નાં રોજ આયોજીત કરવામાં આવેલ હતો. વિજેતા તમામ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા માટે વરાછા વિધાનસભાનાં ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, કાર્યપાલક ઓફિસરોશ્રી આર.વી.ગામીત, તથા શ્રી પી.ડી.મુન્શી તથા વરાછા ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. મહેન્દ્ર પટેલ અને ડૉ. હરરાય ભટ્ટ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના શરૂઆતમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. હરરાય ભટ્ટે તમામનું શાબ્દીક સવાગત કર્યું હતું. કાર્યપાલક ઓફિસરશ્રી આર.વ.ગામીતે પ્રાસંગિક પ્રવચનમાં વિવિધ રોગોનાં નિયંત્રણ માટે જનભાગીદારી જ વિકલ્પ છે તેના માટે તમામ લેવલે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી ઉદ્બોધન કરતાં ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણીએ જાહેર આરોગ્યની જાળવણી માટે જનજાગૃતિ માટે તમામ શિક્ષકોએ પ્રયત્નો કરવા જોઈએ તથા આવી શિક્ષણેતર પ્રવૃતિમાં ઉજળો દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સ્વતંત્ર પર્વનાં દિવસે મેયરશ્રીનાં હાથે સન્માન થવું જોઈએ તથા તે શાળાઓનું પણ સન્માન કરવા પોતે પ્રયત્ન કરશે તેવું જણાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયાએ કર્યુ હતું.

સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓનું લીસ્ટ નીચે મુજબ છે.

"મેલેરીયા વિરોધી માસ" જુન–૨૦૧૩ અંતર્ગત વરાછા ઝોન ધ્વારા યોજવામાં આવેલ 'નિબંધ' સ્પર્ધાના વિજેતાઓ

| અ. નં. | વિદ્યાર્થીનું નામ | ધોરણ/ વર્ગ | શાળાનું નામ | મેળવેલ ગુણ | ક્રમાંક |
|---|---|---|---|---|---|
| 1 | કેવલ બાલુભાઈ કાછડીયા | 9 | સંસ્કારદિપ વિદ્યાસંકુલ–મોટા વરાછા | 48 | પ્રથમ |
| 2 | પુજા જીતેન્દ્રભાઈ ચાવડા | 9/A | સરસ્વતી વિદ્યાલય – એ. કે. રોડ | 47 | દ્વિતીય |
| 3 | હિરેનભાઈ લાખાભાઈ કલસરીયા | 9 | અર્ચના વિદ્યાનિકેતન – એલ.એચ. રોડ | 46 | તૃતીય |
| 4 | યજ્ઞેશ મનસુખભાઈ માકડીયા | 9/A | અર્ચના વિદ્યાનિકેતન – એલ.એચ. રોડ | 45 | આશ્વા–૧ |
| 5 | ધનંજય કતેસીગભાઈ રાઠવા | 9/B | નાલંદા વિદ્યાલય શાખા –૧ – કાપોદ્રા | 45 | આશ્વા–૧ |
| 6 | માનસી કમલેશભાઈ સાવલીય | 9/C | આશાદિપ વિદ્યાલય –સીમાડા ગામ | 44 | આશ્વા–૨ |
| 7 | સ્મિત વિજયભાઈ હપાણી | 9/C | પી.પી.સવાણી વિદ્યાભવન –હિરાબાગ | 44 | આશ્વા–૨ |

'મેલેરીયા વિરોધી માસ" જુન–૨૦૧૩ અંતર્ગત વરાછા ઝોન ધ્વારા યોજવામાં આવેલ 'કવીઝ' સ્પર્ધાના વિજેતાઓ

| અ. નં. | વિદ્યાર્થીનું નામ | ધોરણ/ વર્ગ | શાળાનું નામ | મેળવેલ ગુણ | ક્રમાંક |
|---|---|---|---|---|---|
| 1 | હસ્મિતા મોહનભાઈ ગોરફાડ | 9/E | સાધના વિદ્યાભવન –હીરાબાગ | 46 | પ્રથમ |
| 2 | ક્રિષ્ના દામજીભાઈ વઘાસિયા | 9/A | સુરત ડાયમંડ એસો ગર્લ્સ હાઈસ્કુલ | 45 | દ્વિતીય |
| 3 | ચૈતાલી વિપુલભાઈ મોણપરા | 9/A | સુરત ડાયમંડ એસો ગર્લ્સ હાઈસ્કુલ | 44 | તૃતીય |
| 4 | ક્રિષ્ના કિશોરભાઈ ઠુંમર | 9/A | સરસ્વતી વિદ્યાલય – એ. કે. રોડ | 43 | આશ્વા–૧ |
| 5 | અક્ષય અશોકભાઈ માકડિયા | 9/C | સંસ્કારદિપ વિદ્યાસંકુલ–મોટા વરાછા | 42 | આશ્વા–૨ |

"મેલેરીયા વિરોધી માસ" જુન–૨૦૧૩ અંતર્ગત વરાછા ઝોન ધ્વારા યોજવામાં આવેલ 'ચિત્ર' સ્પર્ધાના વિજેતાઓ

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | ધોરણ/વર્ગ | શાળાનું નામ | મેળવેલ ગુણ | ક્રમાંક |
|---|---|---|---|---|---|
| 1 | નાવડીયા જય કિશોરભાઈ | 9/B | આશાદિપ વિદ્યાલય –નાના વરાછા | 40 | પ્રથમ |
| 2 | પાઘડાળ મૌલિક હરીભાઈ | 9/D | સાધના વિદ્યાભવન –(કે.સી. કોઠારી) | 39 | દ્વિતીય |
| 3 | ઝાલાવાડીયા ધરતી દિલીપભાઈ | 9/A | સંસ્કારદિપ વિદ્યાસંકુલ–મોટા વરાછા | 38 | તૃતીય |
| 4 | ગજેરા ભૌતિક અશોકભાઈ | 9/A | સરદાર પટેલ વિદ્યાભવન–નાના વરાછા | 37 | આશ્વા–૧ |
| 5 | ખેની જય સુભાષભાઈ | 10/C | સરદાર પટેલ વિદ્યાભવન–નાના વરાછા | 36 | આશ્વા–૨ |

TOP

## સુરતને હરિયાળું બનાવવા માટે તથા પર્યાવરણની જાળવણી માટે આગામી તા.૩૧મી ઓગષ્ટ ૨૦૧૩ નાં રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા '' વાવે સુરત '' અંતર્ગત સવારના ૯.૦૦ કલાકથી વૃક્ષારોપણ મહાઅભિયાનઃ–

ગ્લોબલ વોર્મીંગની વૈશ્વિક સમસ્યાનાં સમાધાન માટે વૃક્ષારોપણ અને તેનું સંવર્ધન અતિ પાયાની બાબત છે. સુરતને હરિયાળું બનાવવા માટે તથા પર્યાવરણની જાળવણી માટે આગામી તાઃ–૩૧મી ઓગષ્ટ ૨૦૧૩ નાં રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા '' વાવે સુરત '' અંતર્ગત સવારના ૯.૦૦ કલાકથી વૃક્ષારોપણ મહાઅભિયાન હાથ ધરવાનું નકકી કર્યુ છે. સદર બાબતે લોકોમાં જાગૃતિ આવે, લોકો સ્વૈચ્છિક રીતે આ અભિયાનમાં જોડાય અને મોટા પાયે વૃક્ષારોપણ કરે તે હેતુથી વરાછા ઝોનનાં (૧) હીરાબાગ હેલ્થ સેન્ટર ખાતેથી તા.૨૬/૦૮/૧૩ નાં રોજ સવારે ૯.૩૦ કલાકે તથા (૨) કરંજ હેલ્થ સેન્ટર ખાતેથી તાઃ–૨૭/૦૮/૧૩ નાં રોજ સવારે ૯.૩૦ કલાકે જુદી જુદી બે રેલીઓનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીમાં સ્થાનિક વિસ્તારનાં મ્યુ. સદસ્યશ્રીઓ શ્રી મુકેશભાઈ કોઠીયા, શ્રી દેવીકાબેન જાદવાણી, શ્રી મધુબેન ખૈની, સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો, મહાનગરપાલિકાનાં ડે.કમિશનરશ્રી (હે. અને હો.) શ્રી આર જે. પટેલ, આરોગ્ય અધિકારી, કાર્યપાલક ઓફિસરો, ઈજનેરી વિભાગનાં ડે. ઈજનેરો, જુ. ઈજનેરો, આસી. ઈજનેરો, ટેકનીક સ્ટાફ, આરોગ્ય વિભાગનાં નાયબ આરોગ્ય અધિકારીઓ, જંતુનાશક અધિકારી તથા તેમનો સ્ટાફ, હેલ્થ સેન્ટરનાં મેડિકલ ઓફિસર તથા તેમનો સ્ટાફ, આરોગ્ય વિભાગનો સ્ટાફ, આંગણવાડી વર્કર, વિવિધ શાળાનાં વિધાર્થીઓ જોડાયા હતા. રેલીમાં જોયસ ઈગ્લીશ મીડીયમ શાળાનાં વિધાર્થીઓનું બેન્ડે રેલીને જીવંત બનાવી હતી તથા સ્થાનિક વિસ્તારની સંતલાલ સોસાયટી, પૂર્વી સોસાયટી, હિંમતનગર સોસાયટી, જેરામનગર સોસાયટી, ગાયત્રી સોસાયટી, સંતોષીનગર, ભગીરથ સોસાયટી–૧ અને ૨ નાં પ્રમુખો તથા આગેવાનોએ રેલીનું ઠેર ઠેર સ્વાગત કર્યુ હતું. રેલીનાં અંતમાં રૂસ્તમબાગ સ્વામીનારાયણ મંદિર તથા ઘનશ્યામનગર સોસાયટીની પાછળ આવેલ ન.પ્રા.શાળામાં સામુહીક વૃક્ષારોપણ માટે સંકલ્પ કર્યો હતો.

TOP

## "સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ સ્પર્ધા"



સુરત મહાનગરપાલિકા અને કલા દર્પણ સંસ્થાના સંયુકત ઉપક્રમે "વાવે સુરત" અભિયાન અંતર્ગત "ચિત્રકામ સ્પર્ધા"નું આયોજન તા.૨૭/૦૮/૨૦૧૩ને મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આર્ટ ગેલેરી, એસ.એમ.સી. સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ગૃપ : A–ધો.૪ થી ૫, ગૃપ : B–ધો.૬ થી ૮, ગૃપ : C–ધો.૯ અને ૧૦(માધ્યમિક વિભાગ), ગૃપ : D–ધો.૧૧ અને ૧૨(ઉચ્ચતર માધ્યમિક વિભાગ) એમ ચાર વિભાગમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અંદાજે ૨૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**ચિત્રકામ સ્પર્ધા**

| ગૃપ | **વિજેતાક્રમ** | નામ | શાળાનું નામ |
|---|---|---|---|
| ગૃપ–A (ધો.૪ થી ૫) | **પ્રથમ** | શાહ સિધ્ધિ ભદ્રેશભાઈ | શ્રીમતી વી.ડી.દેસાઈ(વાડીવાલા) સ્કુલ |
| | **દ્વિતીય** | જરીવાલા કુશ જે. | શારદાયતન સ્કુલ |
| | **તૃતીય** | પટેલ દિયા વિનોદકુમાર | એલ.પી.સવાણી સ્કુલ |
| | | | |
| ગૃપ–B (ધો.૬ થી ૮) | **પ્રથમ** | ગુજ્જર દક્ષ મહેન્દ્રભાઈ | સુરત સહકારી સ્પિનીંગ મિલ્સ પ્રા.શાળા |
| | **દ્વિતીય** | કાપડીયા હેનીશા વિમલકુમાર | શ્રીમતી પુ. હ. પટેલ સંસ્કાર વિદ્યામંદિર |
| | **તૃતીય** | પારેખ સુહાસી વિપુલભાઈ | શ્રી સરસ્વતી વિદ્યાલય |
| | | | |
| ગૃપ–C (ધો.૯ થી ૧૦) માધ્યમિક વિભાગ | **પ્રથમ** | અકબરી પૂર્વી શૈલેષભાઈ | શ્રી ગિરધર ગોપાલ પુહાંડા મા.શાળા, અમરોલી |
| | **દ્વિતીય** | નીલ જે. ત્રિવેદી | શ્રીમતી વી.ડી.દેસાઈ(વાડીવાલા) મા.શાળા |
| | **તૃતીય** | પટેલ સંજના દિનેશભાઈ | શ્રી શારદા વિદ્યામંદિર |
| | | | |
| ગૃપ–D (ધો.૧૧ થી ૧૨) ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | **પ્રથમ** | કરણ આર. જરીવાળા | રૂ.સી.મા.પૂણાવાલા એકસપરીમેન્ટલ સ્કુલ |
| | **દ્વિતીય** | જૈન રિધમ આર. | શ્રી સ્વામીનારાયણ એકેડેમી |
| | **તૃતીય** | દિપ એમ. જરીવાળા | જીવનભારતી કુમાર ભવન |
| | | | |

સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષાશ્રીમતી જશુબેન રાઠોડ, આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી કિશોરભાઈ બિંદલ, જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી ધનજીભાઈ ચાવડા, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષાશ્રી કિશોરીબેન કાપડીયા, મ્યુ.સભ્યશ્રી અનિલભાઈ બિસ્કીટવાલાના હસ્તે વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૧૩ ના રોજ એડી.સીટી. ઈજનેરશ્રીની સૂચના મુજબ ડે. ઈજનેરશ્રી વાય.સી.પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ઝોનના ડે. ઈજનેરશ્રી ડી.ડી. ક્રિશ્ચયન, તથા જુની./આસી.ઈજનેરો, શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતું, અને ખાનગી ઈજારદારના માણસોને સાથે રાખીને ડીમોલેશનની કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે:–

(૧) ટી.પી. સ્કીમ નં.૨૪ (ટુંકી) માં ફા. પ્લોટ નં.૩૭, રે.સ.નં.૨૨/૧ થી નોંધાયેલ અને વેડ રોડ પર આવેલ વિશ્રામનગર સોસાયટીના કોર્નર પર વેડ રોડને અડીને શરૂ કરેલ મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રા.ફલોર + ૨ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર વાળા બાંધકામને અત્રેથી મનાઈ હુકમ અને કારણદર્શક નોટીસ આપી કામ બંધ કરાવવામાં આવેલ તેમ છતાં મિલકતદારે સ્થળ પર બાંધકામ ચાલુ રાખતા તા.૧૩/૦૮/૨૦૧૩ ના રોજ ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદાર ધ્વારા સ્થળ પર બાંધકામ સતત ચાલુ રાખતા આજરોજ સ્થળ પર ગ્રા. ફલોર + ૨ માળના આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર તથા દુકાનો બનાવવા માટે શરૂ કરેલ ચણતરની દિવાલો વાળા બાંધકામમાં ગ્રા. ફલોર તથા બીજો માળે આશરે ૩૦૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તેમજ બીજામાળના સ્લેબની ઉપર સ્લેબ ભરવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સેન્ટરીંગ / શટરીંગ તથા આર.સી.સી. કોલમ નંગ–૫ (પાંચ) સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન પેટે રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરીઃ–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા, ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી સઘન કરવામાં આવેલ છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા. ૧૯ થી ૨૫ ઓગષ્ટ ૨૦૧૩ દરમ્યાન ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૩૬૫૨૮૪ ઘરોમાંથી કુલ ૩૧૫૬ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૧૯૩, એડીસ ૧૬૬૮, કયુલેકસ ૨૭, અને મીશ્ર ૨૬૮ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો ટેમીફોસ નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક(એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૮૭૭ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૭૩૨, એડીસ ૧૫૪, કયુલેકસ ૬૭૪ અને મીશ્ર ૩૧૭ બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્‌ભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે કેરબા,ડ્રમ,પીપ,અંડરગ્રાઉન્ડ/ગ્રાઉન્ડ/ઓવરહેડ ટેન્કમાં વધારે જોવા મળતું હોય, ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૧૮૦૬૬૩ કેરબા/ડ્રમ, ૯૬૮૩૭ પીપ, ૧૮૭૪૧ અંડરગ્રાઉન્ડ ટેન્ક,૮૦૦૨ ગ્રાઉન્ડ ટેન્ક, ૮૫૮૪૨ ઓવરહેડ ટેન્ક ચેક કરવામાં આવી છે. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા નકામી પડતર વસ્તુઓ પૈકી કુલ ૬૯૦ ટાયરો, ૧૨૯ પીપ, ૩૩ કેરબા/ડ્રમ, ૫૨૪ માટલા, ૩૪૫ પ્લાસ્ટીક ડબ્બા અને ૧૨૪૩ અન્ય કન્ટેઈનર મળી કુલ ૨૯૬૪ કન્ટેઈનરોનો નાશ કરવામાં આવેલ છે. શહેરનાં ૧૮૪૪ બાંધકામ ચેક કરવામાં આવ્યા તેમ જ ૧૦૨૦ નોટિસો આપવામાં આવી અને ૧૫૭૬૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૮૬૩ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬૦ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૧૮૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ, મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## "કહો કુપોષણ સુરત છોડો" અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા જન્માષ્ટમીના શુભ પર્વે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે કુપોષણ નિવારણ અર્થે સહયોગ આપવા વિચારગોષ્ઠીનું આયોજનઃ—

"કહો કુપોષણ સુરત છોડો" અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા આજરોજ જન્માષ્ટમીના શુભ પર્વે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે કુપોષણ નિવારણ અર્થે સહયોગ આપવા વિચારગોષ્ઠીનું આયોજન સવારે ૧૧—૦૦ કલાકે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી આર. જે. પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાને કોન્ફરન્સ રૂમ નં.૮૮, સુરત મહાનગરપાલિકા ખાતે રાખવામાં આવેલ.

સભાની શરૂઆત ડો. એચ. કે. સોંઘરવા, મેડીકલ ઓફિસર—આઈ.સી.ડી.એસ. ધ્વારા સૌ આમંત્રીત મહેમાનોનું સ્વાગત કરી કરવામાં આવી. તેમણે આઈ.સી.ડી.એસ. વિભાગની પ્રવૃત્તિની સમજ પ્રેઝન્ટેશન ધ્વારા આપી. તેમજ માન. મુખ્ય મંત્રીશ્રીએ બાળકોમાં રહેલ કુપોષણ દુર કરવા આપેલ માનનીય પ્રવચન સાથે બનાસકાંઠા તથા તાપી જિલ્લામાં કુપોષણ દુર કરવા આપેલ માાનીય પ્રવચન સાથે બનાસકાંઠા તથા તાપી જિલ્લામાં કુપોષણ અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીની ફીલ્મ 'ભગવાનો ભાગ' દર્શાવવામાં આવેલ, જેનાથી સૌ અત્યંત પ્રભાવિત થાય.

નાયબ મ્યુ. કમિશનરશ્રીએ જણાવ્યું કે, આજના પવિત્ર દિવસે પવિત્ર કામ કરવાની ઈચ્છાથી જાહેર રજા હોવા છતાં આ સભાનું આયોજન કરવામાં આવેલ છે. આ અવસરે તેમણે શ્રીકૃષ્ણ દુધ—દહીં—માખણ લોકો પાસેથી એકઠુ કરી બાળકો, પશુઓ અને પંખીઓને ખવડાવતાં તેજ ભાવનાથી આંગણવાડીના કુપોષણના શ્રાપમાંથી મુકત કરીએ. તેમણે જણાવ્યું કે, સુરત શહેર બ્લડ ડોનેશન કેમ્પ હોય કે વીર શહીદોનું સન્માન કરવાનું હોય કે વૃક્ષારોપણ હોય એવી તમામ પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહેતું હોય ત્યારે કુપોષણ નિવારણમાં કેમ પાછળ રહી જાય ? તેમણે આંગણવાડી કેન્દ્ર કે જેને 'નંદઘર' નામ આપવામાં આવ્યું છે. તેની દેખરેખ કરવા તેમજ કુપોષણ માટે યથશકિત દાન આપવા સંસ્થાઓના આગેવાનોને સંકલ્પ લેવા જણાવ્યું જેની પ્રેરણા લઈ અકસ્માત નિવારણ કેન્દ્રના શ્રી રાજુભાઈ ઠકકરે દરેક આંગણવાડી કેન્દ્રમાં મહિનામાં બે વાર ૫૧,૦૦૦ બાળકોને પૌષ્ટિક દુધ આપવાનું જાહેર કર્યું તેમજ દરેક આંગણવાડીઓમાં સ્વચ્છતા માટે ૧૦૦૦ સાબુ આપવાની જાહેરાત કરી. મ્યુનિ. કોર્પોરેટરશ્રી વિનોદભાઈ ધ્વારા તેમના મત વિસ્તારમાં આવેલ ૨૦ આંગણવાડીઓમાં કબાટ—પાથરણા—ડીસ—ચમચીઓ આપવાની તથા તેમણે મળતી ગ્રાંટમાંથી રૂા.એક લાખ આંગણવાડીના વિકાસ માટે ફાળવવાની જાહેરાત કરી. લિંબાયત વિસ્તારના ડોકટર એસોસીએશનના પ્રમુખશ્રી ડો. રાજેશ મહાલે ધ્વારા તેમના વિસ્તારની આંગણવાડીઓમાં દર મહિને વિનામુલ્યે બાળકોની આરોગ્યની તપાસની સેવા આપવાનું તથા તેમનું એક મકાન જાહેર કર્યું.

શીરડી સાંઈ મંદિર, ડુમસ રોડ તરફથી મગદલ્લા સુધીની તમામ આંગણવાડીઓમાં રોજ પૌષ્ટિક નાસ્તો આપવા તથા વાહન વિના મૂલ્યે નાસ્તો પહોંચાડવા જાહેરાત કરી. એન.આર.આઈ. નિકસ પટેલે વરાછાની ૫૦ આંગણવાડીઓમાં પંખા તેમજ ચાર્ટ આપવાની ઘોષણા કરી. અંબજા સિમેન્ટ ના પ્રતિનિધિએ મગદલ્લા તથા ગવિયરની આંગણવાડીઓ દત્તક લેવાનું જાહેર કર્યું.

આમ દરેક સંસ્થાએ પોતાનાથી થતી મદદ આંગણવાડીઓમાં કરવા કહયું. અંતે નાયબ મ્યુ. કમિશનરશ્રી આર.જે. પટેલે સૌ હાજર સંસ્થાના પ્રતિનિધિઓનો આભાર માની સભાનું સમાપન કર્યું.

TOP

## કામગીરી ડે.કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ અત્રેના ઝોનના દબાણ વિભાગ તથા શહેર વિકાસ વિભાગના સ્ટાફ મારફત દુર કરવાની કામગીરીઃ–

(૧) શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૨૭ (ભટાર–મજુરા) માં ઉધના–મગદલ્લા રોડ પર ફા.પ્લોટ નં.૧૯ માં આવેલ બાલાજી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિભાગ–૨, સબ પ્લોટ નં.બી/૫૪, એ–બી–સી પર મિલ્કતદાર શ્રી ધ્વારા હયાત બાંધકામ પર પ્રથમ માળ બનાવવાના ઈરાદે આશરે ૨૧૦૦.૦૦ ચો.ફૂટના માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ, બીમ કોલમ ભરી ઉપર બીજા માળ બનાવવા માટેના આર.સી.સી. કોલમ બનાવેલ. જે આજરોજ અત્રેથી દુર કરવામાં આવેલ છે.

સદરહુ કામગીરી ડે.કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી દેખરેખ હેઠળ અત્રેના ઝોનના દબાણ વિભાગ તથા શહેર વિકાસ વિભાગના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં માહે ઓગષ્ટ–૨૦૧૩ દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો તેમજ અન્ય ઈસમો પાસેથી કુલ રૂા.1,15,000/- જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો. :–

સાઉથ ઝોન (ઉધના)ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા માહે ઓગષ્ટ–૧૩ દરમ્યાન નીચે મુજબના ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો ચેક કરતાં તેમજ ઈન્ટ્રડોમેસ્ટિક સર્વે અને પેરીડોમેસ્ટિક સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ નીચે મુજબ કુલ રૂા.1,15,000/- જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

**ખુલ્લો પ્લોટઃ–**

૧) ધર્મેશ જયંતિલાલ દેસાઈ, સર્વે નં.૧૩૫, ફા. પ્લોટ નં.૧૪૫, રાશીવાલા કંપાઉન્ડ, ઉધનાઃ– 15,000

૨) જગદીશભાઈ મણિલાલ પટેલ, ભગવતીનગર ઈન્ડ., ભેસ્તાન :– 5,000

૩) હર્ષદભાઈ મણિલાલ પટેલ, ભગવતી ઈન્ડ. ભેસ્તાન :– 5,000

૪) મંદિપભાઈ હર્ષદભાઈ પટેલ, ભગવતીનગર ઈન્ડ., ભેસ્તાન :– 5,000

**ઈન્ડસ્ટ્રીઝઃ–**

૧) દાદાભાઈ મિલ, સત્યનગરની બાજુમાં ઉધના :– 3,000/-

૨) દર્શનભાઈ ઠકકર, રોડ નં.૦૬, પ્લોટ નં.એ–૧૩/૨, ઉધનાઃ– 3,000/-

૩) ધવલ ફેબ્રીકેશન, જીઆઈડીસી પાંડેસરા :– 3,000/-

૪) ચિન્કુ ડાઈંગ, જીઆઈડીસી પાંડેસરા :– 3,000/-

**બાંધકામ :–**

૧) પ્લેટીનમ પ્લાઝા, સમિતિ હોટલની સામે, સુરત–નવસારી મેઈન રોડ ઉન :– 3,000/-

૨) ધર્મચંદ હીરાલાલ કલાલ, પ્લોટ નં.૫૯, ગીતાનગ–૩, પાંડેસરા :– 1,000/-

**અન્ય :–**

૧) સાઉથ ઝોન (ઉધના) ના તમામ વિસ્તારમાં ઈન્ટ્રાડોમેસ્ટિક સર્વે અને પેરેડોમેસ્ટિક સર્વેની કામગીરી દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ઈસમો :– 70,000/-

આ ઉપરાંત અત્રેના ઝોન વિસ્તારમાં માહે ઓગષ્ટ–૧૩ દરમ્યાન ઈન્ટ્રાડોમેસ્ટિક સર્વે અને પેરેડોમેસ્ટિક સર્વેની કામગીરી દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની શકયતા માટે જવાબદાર ઈસમોને1,037 જેટલી આરોગ્ય સંબંધી નોટીસ આપી ક્ષ્ણ જેટલી કોર્ટ ફરિયાદ દાખલ કરવામાં આવી તેમજ મોસ્કયુટો બ્રિડિંગ મળી આવેલ/બ્રિડિંગ મળી આવેલ/બ્રિડીંગ થવાની શકયતાવાળા કુલ 3491 જેટલા વપરાશી/બિનવપરાશી કન્ટેનરો જપ્ત કરવામાં આવ્યા.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજિત "ગ્રીન વોક":–

સુરત મહાનગરપાલિકા દ્વારા "વાવે સુરત ૨૦૧૩" કાર્યક્રમ અંતગર્ત તા.૩૧/૦૮/૨૦૧૩ ના રોજ સવારે ૮.૦૦ કલાકે સુરભી ચાર રસ્તા / પટેલ પ્રગતિ મંડળની વાડીથી જોગાણીનગર સ્વીમીંગ પુલની સામે ટી.પી.નં.૧૩(અડાજણ), એફ.પી. ૧૩૮ ખાતેના ખુલ્લા પ્લોટ (વૃક્ષારોપણ સ્થળ) સુધી **"ગ્રીન વોક"** નું આયોજન કરવામાં આવેલ છે. આ **"ગ્રીન વોક"** માં સુરત શહેરના પર્યાવરણપ્રેમી નગરજનોને ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP